વયાવિચાર.

રચનાર.

વ્યાસજી, વલ્લભરામ સુરજરામ.

દોહરા.

વૃધ વયના જે માનવી, તેને આ ઉપદેશ;
વાંચીને વીચારશે, તો થાશે સુખ બેશ.

જંજાળી ઝઘડો ઘણો, નાવે તેનો પાર,
હું તું મ્હારૂ તાહરૂ, કર્તા ગયો અવતાર.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

વ્યાસજીનાપુત્ર.

નટવરલાલ વલ્લભરામ.

રેહેવાશી

અમદાવાદ રાયપુર પખાલીની પોળ.

અમદાવાદ—ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૦ સને ૧૯૦૩

કીમત ૩ પઈ

વયવિચાર.

ચાબકા ચોપાઇ.

ત્રય વયના માનવિને બોધ, સાંભળી સજ્જન કરશે શોધ.
છેવટ છેડો આવ્યો હવે, વાત વિચારી લે અનુભવે.
ત્રય વયે નહી કરે વિચાર,તેનો છે મીથ્યા અવતાર.
સંસારનો નહિ સોધ્યો સાર, તેણે કીધો ભોમી ભાર
મરવાનું તેતો છે ખરૂ, તે તું પન્ડે કબુલ કરૂ
તું તાહરાં ગણી જો વર્ષ, ધરજે મનમાં પછી હર્ષ
ત્રણ વય વીશ ગણે છે સહી, બાળ યોવનને વૃદ્ધા કહી.
એ શબ્દોનો કરી લે તોલ, જગ બોલે ઉઘાડા બોલ.
બાળ વયે બાળક સો કહે, બીજો શબ્દજ બાલ્યક લહે.
બાળક શબ્દ ઉપજ્યો જેહ, અર્થ કરી ભાગુ સદેહ.
બીજો બાલ્યક શબ્દજ કહ્યો, તેનો અર્થજ ઉંડો રહ્યો.
સંસારી હક બાળનો થયો, તેથી બાળ હક શબ્દે કહ્યો.
જ્ઞાની બોલે એ હક બાલ્ય, તે બાલ્ય હક શબ્દે સભાળ.
હક બાળવાનો કહ્યો કેમ, વીવેચનથી ટાળુ વ્હેમ.
હક કરવા જવ આવ્યો પ્રાણ, તેવો ગર્ભ થયો બધાણ.
મળ મુત્રાની ખાણે પડયો, કફ પીત લાળે સજ્જડ જડયો.
નવ માસે ત્યાથી છુટીયો. વા વાવળી રોગે લુટીયો.
એવે પંચ વરસનો થયો, પાટી લેને ભણુવા ગયો.

મ્હેતા કુખમાં ચોંટી ખણે, રાંડ જણ્યા તું કેમ ન ભણે
તે દુખથી ભણવા ન જાય, માર માત પીતાનો ખાય.
મારીને એવું ઓચરે, સ્વારથ એ છોરાનો સરે.
સરી સરે સ્વારથ કેટલો, કમાઇને આપે એટલો.
તે સ્વારથ સગાંનો સરે, રળનારો તો પેટજ ભરે.
રળી કરે ભંડોળ દામનું, છેવટ તેને નહી કામનું.
રળ્યુ મળ્યુ તે ત્યાનું ત્યાય, પુઠ જે રહ્યાં તે ખાય.
એ જીવના શા સ્વારથ સર્યા, કેનાગ કપટે ઓચર્યા.
આ ખોળિયેથી નીસરી ગયો, પાછો બીજા ગરભે રહ્યો.
આવા ગમન ભોગવિયુ સદા, જનમ મરણ થયુ નહી અદા.
એ જીવનો શો સ્વારથ સર્યા, જો મા બાપે ઉપકાર કર્યા
નારી છોરા ભગની ભ્રાત, રળ્યુ કર્યુ પોતાને હાથ.
રળનારો રઝળતો રહ્યો, વારવાર ગર્ભામા ગયો
તેનુ દુખ કહો શુ ટળ્યુ, રળ્યુ બીજે જનમે ન મળ્યુ.
માટે તે હક બાળો સહી, બાળ્યક શબ્દ ઉચ્ચાડો અહીં.
પ્હેલી વીશી પુરી થાય, પછી બાળક ન કહેવાય.
બીજી વીશી યોબન કહે, તેનો અર્થ ઉચ્ચાડો લહે.
યોબન વય રેવાની નહી, તેથીજ તે જવાની કહી.
જાશે માટ જવાની નામ, તે પણ સમજાવું તમામ
યોબન વય છે ચાળિસ લગી, શરીર સત્વનું જાયે ડગી.
ચાલીસમા એક ઓછુ રહે, તે વેળા સૌ કેવુ કહે.
ઓગણુ ચાલી જવાની હવે, એમ ગણાવે છે અનુભવે.
પછે ચાલી કહે છે સહુ, તે ચાલીસને ચાલી કહુ.
જો યોબન વય ચાલી ગઇ, તાળી દેવા માડી તહી.
એક તાળી બે તાળી શણો, તાળી આઠ લગી તે ગણો.

આઠ ગણ્યે અડતાળી થાય, તે વર્ષો પચ્યાં કહેવાય.
પચાસમા ઓછુ રે એક, તવ વાણીનો કર્યો વિવેક.
વાણી વડે ઉઘાડુ કહે, અર્થજ તેનો જ્ઞાની લહે.
અડતાળી પછી કહે એમ, ઓગણ પચ્યાં બોલે તેમ.
ઓગણ પચાનો એજ અર્થ, ના સમજે તેને તો વ્યર્થ
વરસ પચા જે જનને થાય તેને તે પચ્યાં કહેવાય.
થાય પચા પુરણ એટલે, વનમાં તે પેઠો તેટલે
એકાવન બાવન તે વન, જો જીવડા વિચારી મન
પચા વરસ જ્યા પુરા થાય, પછીનાં વનમા ગણાય.
જ્યમ સંસારેથી વન પળે, ત્યમ મોહ માયા મનથી ટળે
તેવી મોહ માયા ટાળવી, ઉમ્મર હરી પદમા ગાળવી.
પચાસ પછી કરવુ ન કર્યુ ઓચીન્તાના જરૂર જશુ
જનમ્યા ત્યાથી બેઠા નહી, મ મારી પીડા તે સહી
જેની તેની પગારશી કરી કા કપટે ધન લાવ્યો હરી
કા પ્રપચે જુઠુ વદ્યો, કા ધન માટે ગો ગો ગદ્યો.
ઘણી રીતના પાપેટ વડે, કુઆ ભરીયો ગાગર ઘડે
રળ્યુ દ્રવ્ય નાક કેટલુ, તે લ્યા પેટ ભર્યું એટલુ.
બીજુ પાછળના લે પડ્યાં, જીવત સુધી લેવા નડ્યાં.
તુ જાણે છે મહાન મહી કો દન દુઃખી થાગે નહી
એવું સમજી મુઆ મથી, પણ જો તેનો તાગ નથી
જે વેળા તુ મુકે દેહ, તે વેળા જો સ્ત્રીનો સ્નેહ
નવાં વસ્ત્રો અંગે ધરે, કંકુ પીળા કપાળે કરે.
કહ્યાં કાટોને લાળીયુ, નવી કાછળી ને મોળીયુ.
પ્હેરી ઉભી રે કુટવા, જેમ ખરો લ્હાવો લુટવા.
જુઓ વહુ બ્હિવાતી બાઇ, કહો કોણ કેબ્હિવા ભાઈ.

જોજો જગતની બાજીયો, કુડે ગવરાવે રાજીયો.
લાંબે હાથ ધરે ચાંપલી, ભુજ ઉપર મારે ટાપલી.
પુરશ ઓઢો ઓઢે મુખ, જુઓ એ મુઆનું દુખ.
પછી જસસે વાવરી વરે. સહુનાં મોઢાં ગળ્યાં કરે.
ઓીવાતી વહુ ખુણે પડી, થૈ ગોરિને ચાંમડી ચડી
આવે કો કુટવા કારણે પ્હેલાં ઉભા રે બારણે.
ત્યાંથી કહાવે સમાચાર, કુટવાને થજો તૈયાર.
એમ કરીને ભેગાં થાય, ઉપરથી કરે હાત હાય.
હૈયામાં અરે હોય સહી, તો કયમ એકલી કુટે નહી.
ઉપરના ચાળા છે બધા, ત્હારી કોને નહી આપદા.
તુ કયાં ગયો ત્હારૂ શુ થયુ. તે મનમાં જરા ન લહ્યું.
ત્હારા જીવનો નહી વિચાર, વિચારે જગત વ્હેવાર.
હાળ વ્હેવારે ગ્નાતિ કરે, ખાધેલું મારે વાવરે.
દો બ્રહ્મ ભોજન કિર્તી થાય, નહી કર્વે થશે નીદાય.
એવું સૌ શોભાનુ કરે, જન્મ મરણ શુ ત્હારૂ હરે.
બીજે સ્થળે તુ દેહ ધરે, કતી પડોશી થૈ અવતરે
એ આગળ દાબે ઓટલી, તવ તાની ઝાલે ચોટલી.
તુ કહેશે હુ પીતા આપ તો કહેશે હું તારો બાપ
જોહલે સસારી સગાઇ, મ્હારી માની ગયો ઠગાઇ.
મુરખ તેતો બોયું રળ્યુ, ધમ્યુ સોનુ ધુળમાં મળ્યું.
વારવાર ગરભોમા જાય. વારવાર ભણે વીંધ્યાય
વારં વાર રળેને રડે, ચોરાશી ભોગવવી પડે.
જુદી જુદી કરવી માય, જુદા જુદા બાપજ થાય
માટે વ્રધ વય મુકો કુટ, સમજોરે હૈયાના ફુટ.
ચ્યા લગી પૈશો તુ રળ્યો, પણ જે ઇછ્યો તે ન મળ્યો.

પૈશાનોતો છેડો નથી, મળિયો તોએ આશા અતી.
આશા ત્રષ્ણા તુટે નહી, આ બે રાંડો લાગી રહી.
તે બેના બે સ્વામી સંગ, લોભ મોહ લાગેલા અંગ.
ચારે થૈ ચુપ્યો જીવને. તેથી પ્રાણી ઘેલો બને.
તે ચારને હણવા કાજ, એક બતાવુંછું ઈલાજ.
તે ચારનાં શત્રુ બે જણાં, નર નારી જબરાં છે ઘણાં.
સંતોશ નરને શાન્તિ નાર, તેનાથી હારે છે ચાર.
ને બે રહે છે જ્ઞાની કને, જે તું માગે તો દે તને.
આશા ત્રષ્ણા બે નારીયો, તે તો શાન્તીથી હારીયો.
લોભ મોહનો જબરો જોશ, તેને હરવે છે સતોશ.
પણ તે મ્હારે કરવું નથી, થૈ છે કુટાવાની મતી.
મ્હારાં છે તે ગર્વ ન આણ, સૌ સગાં તુ જુઠાં જાણ.
નથી તારા જીવનું સગુ રળતા સુધી રેશે લગુ.
તેની પરીક્ષા જોવી હોય, તો કહુ તે કરી લ્યો કોય.
રળવુ મુકીને ખટ માસ, માળા ગ્રહી ઈશ્વર ઉપાશ.
મોઢા પરથી એવુ બોલ, રળ્યા વિના કરીશ કલોલ.
રળવું કરવુ મ્હારે નથી, પ્હેલુ ખવરાવો સરવથી.
હુ તો બેઠા કરીશ ભજન, બે વેળા ખવરાવો અન
તે વેળા જોજે મા બાપ, દર્સાવશે પોતાનુ આપ.
કહેશે તું ભગતડો થૈશ, રળ્યા વગર શુ ઈટા ખૈશ.
નારી કહેશે રળવા જા, નહી તો આ છૈયાં ને ખા.
રળ્યા વના ક્યાં ખાવા હશે. ભગવતડો શું પાદી જશે.
સહુ સગાં વ્હાલાંને નાત, કરશે નીંદાને ઉતપાત.
છૈયાં તો છેડા ઝાલશે, ભૈ ભગની ગોદા ઘાલશે.
કીયા મુઆની સગે હળ્યો, કોણ રડયો ઉપદેશી મળ્યો.

એહો પ્હેલો ખા સરવથી, એમ કોઇ કહેનાર નથી
જો મગાંનુ સગપણ કળી, થાય સગુ જો લાવે રળી.
ટાંણા ટચકાં જો તું કરે, તો ત્હારૂ સગપણ ઓચરે.
ખાધે લીધે કહે વીવેક, નહી તો વાંધા ધરે અનેક.
નથી જુગમા કોનુ કોય, સૌ સગુ પૈસા નુ હોય.
જો પેસો પણ તારો નથી કા હોય થોડો કે કાં અતી
તેનો પણુ સમજાવુ સાર, વીવેકી કરજો વીચાર
જા જીવડ જે તારા બાપ, કેટલુ લેઈ ગયેલો આપ.
મ્હારૂ મ્હારૂ કરતો હતો મુકીને તે રહ્યો જતો
કરતો તો તાળા કુચીયો, મરતા યે આખો ઉચીયો.
હસ્ત ચરણ પ્હોળા થૈ પડયા, રજ્યા ખાગા પણ છેવટ રડયા.
હાલા આવી હાલા ગયા, દીકરાની જીવ લાવ્યો દયા.
પન્ડે ખાલી ગયા તો ભજ્યુ, પુઠ પરીવારને તો મળ્યુ
એવુ ધાર્યુ નિર્ભાગીયે, ફિરાડ્યુ સુત વર્ગ ગીયે
કદી સુત સુણે વાતર તેના તારૂ શુ સુધરે
તુ જઇ બીજે ગર્ભે પડયો, ત્યા પાછો રળવા રડવડ્યો
પાછળનુ આવ્યુ નહી કામ હરીને બેઠા નહી હામ.
ગર્ભ ગરભ થયો પુત્ર, તુજ કરમનુ મળને સુત્ર.
અભાગિયા તુ કેમ કુટાય, જ્યા જ્યા જાય ત્યા ત્યા લુટાય.
જો તે લે લીધુ બાપનુ તમજ લે લેશે આપનુ
તુ જાણજે રહેશે નામ, તે તુને ધીણ ધીણના ઠામ.
પાચમી પ્હેડીના તુજ તાત, તેનું નામજ કયા પ્રખ્યાત.
અચળ નહી ધનવંતો તણા ભગત જનોના અખંડ ઘણાં.
નામ રહ્યેથી શુ ફાયદો, તુટયો નહી ગરભે વાયદો
અન્તર ભોગવે તારૂ રળ્યુ, તેમાં લ્હાણુ તને શુ મળ્યું.

લક્ષ ચોરાશી ફરવી પડી, મનુશ દેહ ઉત્તમ આ ઘડી.
ચોરાશી છુટવાનું કામ, ભુલ્યો તો દુલ્યો ગુમાર
પ્હેલો થાય બળદનો દેહ, જો કેટલો દુખી છે તેહ.
નાકે નાથી બાંધે જ્યાંય, રહેવું પડે ત્યાંને ત્યાંય.
કરે પોદળા મુતર તહી, બેસવુ સુવુ તેની મહી
ખાવું પડશે નાંખે તેહ, જો એ દારૂણ દુખનો દેહ
તરશાથી કંઠજ સુકાય, પણ મોઢે જળ ના મગાય
જોતરીને ખેચાવે ભાર, ના ખેચે તો મારે માર
ઝાઝાં દુખથી તુ અકળાય ત્યારે છેવટ બેશી જાય
જો બેઠો તો મળીયા ભોગ, માર પડે રોગોમાં રોગ
પુંછ પકડેને ઘોચે આર' પુણું કરે જોરીકા પહાર
પ્હોળે મોઢે બેઠો મરે, તો પણ મારી ઉભો કરે
તવ જખ મારી ઉભો થાય, અતર ઉપર એ પીડાય.
એ કાયાને કારમુ કષ્ટ, દારૂણ દુખ દેખ છે દષ્ટ.
તો પણ નાવે કે વિચાર, તે મનુશ દેહ ધીક્કાર
આવા ગમનનું ટાળો દુખ, તે વીના નહી આવે સુખ.
સદા સુખ સારૂ કર સોધ, લે જ્ઞાની જન પાસે બોધ
કદી તુજને આવે એમ, નીર્ધન પ્રાણી કરીયે. કેમ
ખાવાને માગે હોજર, તે લાવુ કે સમરણ કરૂ.
તેનો ઉત્તર દૈ તુજને ભજ ભાવે ચાતુર્ભુજને
જેણે તુજને દીધા દત, તેને છે ખવરાવા ખત
જો ક્યાં રળવા જાયે શ્વાન, પણ તેને દેછે ભગવાન.
પશુ પક્ષી કીટના દેહ, શુ વ્હેપાર કરે છે તેહ.
તેને ખાવા દેછે હરી, રહે વિશ્વાસે ધારણ ધરી
ખરો ગ્રહસ્થ છે જગનો ધણી, તેને છે ચાનક તુ તણી.

જો તેનો ન હોય વીશ્વાસ, તો તેને શો તાગે ત્રાસ.
હાથ પગ પર ધરે તું હામ, તો તે શીદ કરે તુજ કામ.
જો તેનુ આપુ દ્રષ્ટાન્ત, ત્યારે તું થવાનો શાન્ત.
એક પુરૂશને છે બે તન, તેમાથી એક વદે વચન.
તાત તણો હું નહી દાખેલ, મુજમાં છે રળવાના ખેલ.
હાથ પગે રળવાની હામ, તાત તણુ મ્હારે શું કામ.
બેઠા નહી ખવરાવે બાપ, માટે રળશુ આપોઆપ.
એમ કહીને જુદો પડે, પગ કરની હીમતે ચડે.
એવામાં જે બીજો બાળ, કર્તો તાત તણી ઓશિઆળ.
પીતાજીને વળગી રહ્યો, આઘો પાછો કે ના ગયો.
નીશ્ચે ધાર્યુ ન્હાને બાળ પરની ન કરવી ઓશિઆળ.
પર કરતા પીતાજી ઠીક, ભુલ્યા ચુક્યા પણ ને બીક
ગુનો માફ કરી દે બાપ, બીજો ઉપજાવે સતાપ
હાથ પગે હુ ઝુઝુ સાર, પણ તેતો ભાગે કોવાર.
તે કરતા પીતાની હામ તેવી બીજી નાવે કામ.
એમ કહી પીતાનો થયો, મ્હોટો દીકરો અળગો ગયો.
તવ તાતે કીધો વીચાર, એકજ ઘરમા બીજો બ્હાર.
બ્હાર ગયો પોતાની હામ, ન્હાનો લે બેઠો મુજ નામ.
પેલાની તો ચીતા નથી, એતો પેટજ ભરશે મથી.
પણ આ રંક તણી શી ગતી, પીતાને તે ચીતા થતી.
તાત રળીને તેનુ ભરે, સરણ રહેલો મોજજ કરે.
તેમ હરી સરણે જે રહ્યો, તે જીવનો સતાપજ ગયો.
આપે રળવા રાખી હામ, તેનું શીદ હરી લે નામ
કહે કર્યુ થાશે આપનુ, ત્યાતો ચીતજ નહી બાપનુ.
જે ઝાલે પીતાનો પક્ષ, ત્યાં પીતાનો રહે છે લક્ષ.

પુત્રનુ પીતા પુરૂ કરે, એ વિશ્વાસુ ભુખે મરે.
માટે હું કરતા તુ મેલ, તાત તણા ખોળામાં ખેલ.
પુરણુ પેટજ ભરશે તેહ, તેમાં નહી જરા સંદેહ.
આરત અધીરને ના બને, ખરો ભરૂસો જો હોય તને
તો મુક ચીંતા પેટજ તણી, પોશણ કરનારો છે ધણી.
રળિને ખાતો હોયે જેહ, તે જનનો ટાળ્યો સદેહ.
હોય કદી કો દેવાદાર, તેને શું કરવો વીચાર.
વીસ વરસ બાળકમાં ગયા, ત્રીસ વરસ રળવામાં થયાં
એમ થયાં પુરણ પચાસ, તોહે રહી રળવે ક્યાશ.
દેવુ ત્રીસ વરશે ના વળ્યુ, હાવે વળયા ક્યાથી કળ્યુ
પચા પછી આવરદા જુજ, કેમ તને નથી પડતી સુજ
બહુ જીવી જીવે દમ બાર, તેમાં શુ કરીશ વહેપાર.
વૃદ્ધ શરીરે શુ તુ રળે ખોટી આશા દેવુ વળે
જો ઓચીતો પડિયો દેહ, તો ક્યાં દેવુ વાળે તેહ
દેવું વાળયાથી મન વાળય, મોક્ષ તણો મારગ સભાળય.
પુઠેનો પડવેલો જેહ, દેવુ લહેણુ વેઠે તેહ.
મનથી માની લે તુ એહ, પચાસે મુકયો છે દેહ
માયા જજાળ મનથી ટળે, તો વીદેહી લાભજ મળે.
જીવન મુક્ત વીદેહી થાય, જો બતાવ્યો સ્હેજ ઉપાય.
પાછળ પડવેલો જે રહે, તેને તું ઉઘાડુ કહે
આજ થકી મુઓ જાણજો, ફાવેતો દયા આણજો
જો હેં રહેવા દોતો રહુ, નહીતો વનની વાટે વહુ.
દયા કાંઇક ઉપજે મન, તોતો મુજને દેજો અન.
એમ કહીને તરછોડવાં, જુગધીસ સાથે મન જોડવાં.
તવ પ્રેરક તે પ્રેરણા કરે, વાતજ સૌને મન ઉતરે.

પચાસનો ધનવંતો થાય, તેને શો કરવો ઉપાય.
પાછળનાને કહેવું એમ, હવે નથી રળવાનો પ્રેમ
રળવા લખત હતું તે રળયા, મળવા લખત હતુ તે મળયા.
જે છે તે ભોગવજો તમો, મમ ક્ષુધા માચવજો સનો.
એમ કહીને વાવુ ત્યાર, ગ્રહણ કરવો ગુણ ગંભીર.
ઘરનાં ચાહ્ય રહો કે મુઓ, પાછળ ચાહ્ય હસો કે રૂઓ
તેનાં કૃત્ય પરમાણે થશે, કાંતો રહેશે કાંતો જશે
તુજ રાખ્યું રહે કેટલું, બહુ તો તું જીવે તેટલું.
તે પણ તુજ રાખ્યું ન રહે, કાં રેલાય કાં અગ્ની દહે
કાં મુએ કાં ડુબે રાય, કાં વેપારે ખોટજ ખાય.
કાં ખાતર પડશે કારમું, કાં કોનું આવે બારમું
જવા કાળ હશે તે જશે, થવા કાળ હશે તે થશે
માયા સુખ કરેલ ન થાય, માયા દુખ કાઢ ન જાય
પરમ સુખ લીધેથી મળે, પરમ દુખ ટાળેથી ટળે
પરમ પદ છે જીવને લાગ, માયા માત્ર ટેકુક નાશ.
માયા છે તે જાતની રૂપ તેના માગી ટેકુક ભૂપ
તેને લાજ પાંસી જમે, તેટલી તેને ભમે ભમે
વીશેશે હેવી ન નાદી તે નદી તેની મરજી માફી
પરમ પદ લેવું જીવ હાથ, તો લેતાં નથી નાથ
આવે તેહને ના ન કહે, જાતાં રોકી ન રહે
સ્વભાવ સીધું છે જગનો, તેથી પણ અધીક તમો
માટે તે પદ લેવું ધાર, મોક્ષ તણું મનુષ દેહ દ્વાર
મનુશ દેહે મોક્ષજ મળે, બીજે દેહે કે ના વળે
માટે જીવડા માયા મુક, જુગ જીવન જપવામા ઝુક
મુકી દે માયા જંજાળ, જ્યા જાવું ત્યાંનુ સંભાળ.

જો પરદેશે દસ ગૌ જાય, જાત પ્હેલ કરે ચીતાય.
દસ બાર પદર દિવસ જવું, શી રીતે ત્યાં સુખિયા થવું.
જાશુ ત્યાં ઉતરશું કંઈ, ખાવાનું ક્યાં મળશે તંઈ.
એવી તો બહુ ચીતા કરે, સૌ સાધન સાથે અંચરે.
કોઇ રીતે દુખી ન થાય, તેવા કરી લેછે ઉપાય
તો જીવડા તું કર વીચાર, તુજ વપુ છુટે જેપાર.
તે વારે વીદેશે જવુ, ગર્ભ વાસથી અળગા થવુ.
ગર્ભ વાસ ભોગવવા નથી, એવી દ્દઢ કીધી છે મતી.
તે ધાર્યુ છે મુક્તજ થવુ, પરમ પદમાં કૈ પેર જવું
તેનો તુ નહી કરે વીચાર, તો ત્યાં ક્યાંથી જૈશ ગુમાર.
આ લોકથી પર લોકે જવુ, કોને ત્યા મેમાનજ થવુ.
ઓળખીતાનો લે કાગળ, મારગ ભાતુ કર આગળ.
દીપક વળાવુ લેવું સગ, જાતા રસ્તે રહે ઉમગ.
પંથ કદી લુટારા મળે, પાન્ડવને છળ્યા તેમ છળે
જેને ત્યા રહેવું છે જઇ, નામ તેનુ ગોખ્યા કર ભઇ
જેને ત્યા તુ રહેવા જાય, તેની ઓળખ કરી લે હાય
કેવો આકાર કેવો અગ. કેવા ગુણને કેવા ઢંગ
કેવો તેનો છે સ્વભાવ, કેવો ત્યા મળવાનો લ્હાવ.
તે સહુ અહીથી નીશ્ચે કરી, ગોખી લે તુ ફરી ફરી.
ઘરમાંથી નીકળતાં પ્હેલ, આગળનુ સમજી લે સ્હેલ.
સમજીને ન જાતો ઠગી, ગોખ્યા કર ત્યાં જાતાં લગી.
હૈનુ તુ મુકી દે ધ્યાન, તો આગળનુ રહેશે ભાન
હૈનુ તેનું સમરણ કરે, તો તૈંનું જરૂર વીસરે.
તૈંનો છે થોડો અભ્યાસ, માટે તુ ભુલવાનો ખાસ,
હૈતો તારે રહેવું નથી. તો શીદ સંભારે મુઢમતી.
સભાર જ્યાં જઇ રહેવુ સદા, તો હૈંની શી છે આબદા.
જે જે જીવનો જ્યાં જ્યા લક્ષ, તેનો ત્યાં બધાશે પક્ષ.

જેલ સરીખું જગતજ જાણુ, તેહ પર અરૂચી તું આણુ.
કેદી કેદથી જ્યમ નિસરે, ફરી નજર તે તરફ ન કરે.
જેવો જેલે થાય અભાવ, તેવો જાણુ જગતનો લ્હાવ.
જો તેનુ પ્રતક્ષ દ્રષ્ટાંન્ત, સુણતાં ભાગી જાશે બ્રાંત.

પુરણ ચિત્તે સાંભળ ભગત, જેલ રૂપ બંધાણું જગત.
ઓર્ડીયો જેમ જેલે હોય. તેમ જગતમા ઘર સૌ કોય.
જેલ તણી કોટડીઓ મહીં, દશ દસ કેદી પુરે તહીં.
તેમ જગતની જેલમાં ઘરો, પુગાય માથ સઘુ દીકરો
જેલમાં જેલર રહે છે સાર, જેલર રૂપ જગમા વ્હેવાર.

જેલમાં જમાદારો આપ. જગમાં જમાદાર મા બાપ
નાયક જેલમાં રહે છ સાત જગમાં નાયક ભગની બ્રાત
શીપૈ ટોળા જેલમાં ખરા. જગમાં શીપ રૂપ છોકરાં.
જેલમાં લોહ બેડી પગ જડે, જગમા બેડી સ્ત્રી થૈ પડે.

તેથી જગત જેલ રૂપ જાણુઃ તે ઉપર કટાળો આણુ.
જેમ ખસે કેદી જેલથી, ફરી ન કામ કરે ફુલથી.
સુત સપુતનો નીકળે બ્હાર. પાછુ વાળી ન જાય લગાર.
મનમાં તે એવો પસ્તાય, આવુ નહિ ફરી જેલ માય.
કપુત સુત જો નીકળે બ્હાર, પાછો મહી જાવા તૈયાર.

માટે જીવ સમજી જા સાર, જેલ રૂપ જગ મન[illegible] ઉતાર.
આ દ્રષ્ટાન્તો નો કર આ તોલ, જા વીચારી બાંધીક બોલ.
જ્યાં જુવે છે ત્યાંનું જ્ઞાન, પુરણ સમજીને ધ[illegible]ન.
હૈનો જે મુકવો છે ભાગ, તેનાથી તોડી દે રાગ
પછી જે જાલવા છે પક્ષ, તેમાં પુરણ પોગ્વ [illegible].

એવી રીતે ત્રૈણે પ્રકાર, જ્ઞાન વૈરાગ્ય ભક્તીના સાર.
તે ત્રણ વણ તરવાનો નથી, એકજ પક્ષમાં ન [illegible]ર મથી.
કોઇએ વિખાણ્યો જ્ઞાન ભાગ, કોઇએ વિખાણ્યો વૈરાગ્ય.
કોઇએ ભગતીને કાહ શ્રેષ્ટ, તમાંથી એકે નહી નેષ્ટ.

શાસ્ત્ર વીખાણે ત્રેણે પક્ષ. અજ્ઞાનીનુ એકજ લક્ષ.
તેથી તે તું તજ અજ્ઞાન, સમજીને ધર હરીનું ધ્યાન.
જનમ મરણુ ટળવાને માટ, ભગ્તીમાં તુ પડ પુરપાટ.
ગોષ્ટી કરવા ફરવા માંડય, વૈરાગ થાવા માયા છાંડ.
પચ્યા પછી તું વનમાં પડયો, પણ પણ કરતાં મોહે અડ્યો.
ત્યારથી શઠ ગણાયો સહી, લક્ષ ચોરશી નીસ્ચે થઈ.
અરરર એ જીવની શી દશા, તે વીચાર મનમાં ન વશા
દારૂણ દુ ખ દાયક સંસાર, શુ સમજાવું વારંવાર.
સમજોરે સમજો જીવ રાજ, સુધારો આગળનું કાજ.
પશુ સુધારી શકતા નથી, તેવી જો હોય મનુષ મતી.
તો તે એમાં નહી કૈં ફેર. મનથી માની લે સમશેર.
મનથી માને નહી દન વળે, સમાગમથી સદેહ ટળે.
વલ્લભ ત્રાશી ત્રાશી કહે, અનુભવી કો વીરલા લહે.

પદ.

ધીકાર છે ત્રીયા જાતને એ રાગ.

કોઇ લ્યોરે કોઈ લ્યો, જન્મ મ્રત્યુની દવા ।। ટેક ।।

આવ્યો મનુશ દેહમાં, જોઈ સંસારી હવા,
બાલ્યા યોબન વહી ગયુ, હવે ત્યાગી છે જવા. કોઈ.

જઈશ જમના હાથમાં નહી મળે એમવા.
મારી મરડી નાંખે ગભમા, થશે દેહ નવા નવા. કોઇ.

ગરભ ગોબરા ટાળવા, લે ઔષધનુ ભવા
તેણે ક-ાર કાઇ થાય તો પછી દેશ નહી રવા. કોઇ.

ખશે ખડેશ ખલક ખાંણીયે, નહી વળે ધવા;
વણુ મને હોરાવે બ્યાસ જીતે, તુજને સુખ થવા કોઇ

સમાપ્ત.

જાહેર પત્ર.

આસોમાસની ધર્મ ચાનક નામની ચોપડી બાહાર પડેલી છે. આ ચોપડી કાર્તીક માસની છે. ધર્મ સબંધી બોધીક આવડીને આવડી ચોપડી હરેક માસે બનતા સુધી બાહાર પડશે માટે જેણે બારે માસના ગ્રાહક થવું હોય તેણે પોતાનું નામ ગામ ઠેકાણું અમને લખી મોકલવું અથવા લખાવી જવું.

હરેક ચોપડી હરેલ માણુસ મફત માગશે તેને મફત આપીશું.

કેહેવત.

મફતકા ચંદન ઘસ બે લાલીયા